

# જવાહરલાલ નેહરુ અને 'ભારતની એકતા'!


'હિંદનો ઈતિહાસ હજારો વરસનો છે. આજનાં બધાં રાષ્ટ્રોમાં એકલા ચીનની જ સંસ્કૃતિનો પ્રવાહ આટલા પ્રાચીન કાળથી અસ્ખલિત વહેતો આવ્યો છે. આજથી પાંચ છ હજાર વરસ પહેલાં સિંધુકાંઠાની સંસ્કૃતિ આખા ઉત્તર ભારતમાં પ્રચલિત હતી, ને સંભવ છે કે દક્ષિણમાં પણ ફેલાયેલી હોય. ત્યારે પણ એ સંસ્કૃતિ ઘણી વિકસેલી હતી, ને એટલો વિકાસ સાધતાં તેને હજારો વરસ લાગ્યાં હશે. ઈતિહાસના એ પરોઢથી માંડીને અગણિત લોકો, વિજેતાઓ ને વસાહતીઓ, યાત્રીઓ ને અભ્યાસીઓ એશિયાના પહાડી પ્રદેશોમાંથી હિંદના મેદાનોમાં ઊતરી આવ્યા છે. તેમણે હિંદનાં જીવન, સંસ્કૃતિ ને કલા પર અસર પાડી છે પણ હિંદની પ્રજાએ તેમને હંમેશાં પોતાની અંદર ભેળવીને આત્મસાત્ કરી લીધા છે. આ સમાગમોને લીધે હિંદનું પરિવર્તન થયું અને છતાં તેનું જે જૂનું અસલી રૂપ હતું તેમાં ધરમૂળનો કશો ફેરફાર થયો નહીં. તેનું હાડ તો તેનું તે જ રહ્યું. તેનો પ્રાણ બદલાયો નહીં. મહાસાગરની પેઠે તેનામાં પણ હજાર નદીનાં પાણી ઠલવાયાં. તેને લીધે તેનાં જળ ડહોળાયાં, ને તેની સપાટી પર સખત વાવાઝોડાં થયાં, એ સાચું. છતાં સાગર તે સાગર જ રહ્યો. નવી નવી પ્રજાઓને પોતાના ઉદરમાં સમાવી લેવાની, ને સંજોગો અનુસાર પોતે બદલાતા જવાની, આ ક્રિયા ભારતવર્ષે કેટલી સફળતાથી ચાલુ રાખેલી, એ જોતાં છક થઈ જવાય છે. એ ક્રિયા તે ચલાવી શક્યું એ જ બતાવે છે કે તેને ત્યાં જીવનના પાયામાં રહેલી એકતાની ભાવના એટલી ઊંડી ઊતરેલી હતી કે નવા આંગતુકો પણ એ ભાવનાનો અંગીકાર કરી શક્યા. તે ઉપરાંત એ પરથી બીજી વાત એ પુરવાર થાય છે કે ભારતની સંસ્કૃતિ સ્થિતિસ્થાપક અર્થાત વાળી વળે એવી, ને બદલાતા સંજોગો અનુસાર પોતે બદલાય એવી, હતી.'

આજનું જે ભારત છે તેનો ખ્યાલ કેવી રીતે કોઈ અઢીસો શબ્દમાં બાંધી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ઉપરનો ફકરો છે. આ લખાણ દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ છે અને આ તે લખાણ તેમનું જ પુસ્તક 'ધ યુનિટી ઑફ ઈન્ડિયા'નું છે. આ પુસ્તકનો અનુવાદ ગાંધીયુગના ઉત્તમ અનુવાદકોમાંના એક ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ દ્વારા થયો છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઑક્ટોબર-1946માં થઈ હતી. હવે આ પુસ્તક ઉપલબ્ધ નથી, તેની છેલ્લી આવૃત્તિ ક્યારે પ્રકાશિત થઈ હશે તેની પણ માહિતી મળતી નથી. પ્રથમ આવૃત્તિના પ્રકાશક મુંબઈની 'વોરા એન્ડ કંપની' હતી. આ પુસ્તકની અનુક્રમણિકામાં જે પ્રકરણ છે તેના પરથી પુસ્તક કેટલું રસપ્રદ છે તે જાણી શકાય. પુસ્તકના પ્રકરણમાં પ્રથમ 'ભારતની એકતા' છે. પ્રથમ પ્રકરણનું નામ જ ગુજરાતી પુસ્તકનું નામ છે. બીજું 'રાષ્ટ્રપુરુષ', ત્રીજું 'ન્યાયાધીશનું માનસ', ચોથું 'ભાષાનો સવાલ' આવાં જુદાં જુદાં 14 પ્રકરણ આ પુસ્તકમાં સમાવિષ્ટ થયાં છે. આ પુસ્તકના અંશ અહીં ટાંકી શક્યા છે તેનું શ્રેય 'રેખ્તા ગુજરાતી'ને જાય છે. 'રેખ્તા ગુજરાતી' પર આવાં અનેક અલભ્ય પુસ્તકો જોઈ-વાંચી શકાય છે.

જવાહરલાલ નેહરુ એક દાયકાથી વધુ સમય આઝાદીની લડત દરમિયાન જેલમાં રહ્યા. આ જેલવાસ દરમિયાન જવાહરલાલ નેહરુ અનેક પુસ્તકો વાંચી શક્યા. તે સમયે જેલમાં રાજકીય આગેવાનો માટે સૌથી પસંદગીનું કાર્ય લખવા-વાંચવાનું હતું. તેથી જ તે વખતના અનેક રાજકીય આગેવાનોનું લખાણ વિપુલ પ્રમાણમાં મળે છે. જવાહરલાલ નેહરુએ તે માટે પોતાના પુસ્તકમાં અનેક સંદર્ભો પણ ટાંક્યા છે. તેઓ 'ભારતની એકતા' પ્રકરણ લખતી વેળાએ સર ફ્રેડરીક વ્હાઈટના પુસ્તક 'ધ ફ્યુચર ઑફ ઈસ્ટ એન્ડ વેસ્ટ'માં ભારતની એકતા વિશે જે કંઈ લખ્યું છે તેનો ઉલ્લેખ કરે છે. ફ્રેડરીક વ્હાઈટને ભારતમાં જે ભેદ દેખાય છે અને તે પછી જે કંઈ તેઓ આ વિશે કહે છે તે આ રીતે ટાંક્યું છે : 'ભારતમાં એકબીજાથી ઊલટી ને એકબીજાની વિરોધી એવી વાતો ઘણી જોવામાં આવે છે. તેમાં સૌથી મોટી વાત એ છે કે આ ભિન્નતાની ઉપર એના કરતાં મોટી એવી એકતા છવાયેલી છે. એ એકતા તત્કાળ નજરે નથી પડતી કેમ કે આ દેશના ઈતિહાસમાં તેણે કશું રાજકીય સંગઠન ઊભું કરી દેશને એક સૂત્રે બાંધ્યો નથી. છતાં એ એકતા ખરેખાત હસ્તી ધરાવે છે, એટલું જ નહીં પણ તે એટલી જોરાવર છે કે હિંદમાં વસતી મુસ્લિમ કોમને પણ કબૂલ કરવું પડ્યું છે કે અમે એ એકતાની અસર તળે આવ્યા એને લીધે અમારાં જીવનમાં ભારે પરિવર્તન થવા પામ્યું છે.'

'ન્યાયાધીશોનું માનસ' પ્રકરણમાં દેશના પ્રથમ વડા પ્રધાન બનનારા નેહરુ જે લખે છે તે ખાસ્સું સૂચક છે. આજે તે રીતે કોઈ સર્વોચ્ચ નેતા વિચારે છે કે નહીં તે પ્રશ્ન છે. આ વિશે નેહરુ લખે છે : 'ન્યાયાધીશો આ વાત કદી સમજતા હશે ખરા? સાવ સામાન્ય માણસના મનમાં પણ, ભૂખે ટળવળતાં બૈરીછોકરાંને જોતાં જે નિરાશા ઊપજવાનો સંભવ રહે છે, તેનો વિચાર તેઓ કદી કરે છે ખરા? માણસે શું લાચાર બનીને બેસી રહેવું, ને માનવજીવનની સાદામાં સાદી જરૂરિયાતો વિના પોતાનાં પ્રિયજનો માંદાં પડે ને મરે એ ટગરટગર જોયાં કરવું? એટલે એ માણસ લપસે છે, ને કાયદા સામે ગુનો કરે છે. તે પછી કાયદો ને ન્યાયાધીશ એટલી પેરવી કરે છે કે એ માણસ ફરી સામાન્ય કોટિનો માણસ બની શકે નહીં, ને તેને સમાજને હિતકારી એવો કશો ધંધોરોજગાર મળવા પામે નહીં. તેઓ જેને 'ગુનેગાર' વર્ગ કહે છે એવો વર્ગ પેદા કરવામાં તેઓ પોતે મદદ કરે છે અને પછી જોઈને આશ્ચર્ય પામે છે કે આવા વર્ગો કેમ ટકે છે ને વધે છે?' સ્વાભાવિક છે કે વડા પ્રધાન નેહરુએ જ્યારે આ લખ્યું હશે ત્યારે અંગ્રેજ ન્યાયાધીશો દેશમાં હશે અને તેમની લોકો પ્રત્યેની સંવેદના ઓછી હોય કે તેઓ તેમને જાણતા ન હોય તેથી તેઓ આવું મૂલ્યાંકન ન્યાયાધીશોનું કરે છે પરંતુ આજે ન્યાયાધીશો દેશવાસીઓ છે અને તેમ છતાં ન્યાયવ્યવસ્થાને લઈને પ્રશ્નો ઊઠી રહ્યા છે. ન્યાયાધીશોને લઈને હાલમાં જ મદ્રાસ હાઈકોર્ટે જે નિવેદન કર્યું તે અણછાજતું લાગે એવું છે. મદ્રાસ હાઈકોર્ટમાંથી ન્યાયાધીશો પણ ભ્રષ્ટ હોઈ શકે છે તે પ્રકારનું નિવેદન આવ્યું હતું. ન્યાયાધીશો સજા કરે છે તે માટે તેમણે જે કરવું જોઈએ તે વિશે નહેરુ જાણીતા ચિંતક બર્નાડ શૉનું સૂચન ટાંકે છે. બર્નાટ શૉએ કહ્યું હતું કે, 'દરેક જજ અને મેજિસ્ટ્રેટે, તેમજ જેલના દરેક અમલદારે, અમુક વખત જેલમાં કાઢવો જોઈએ. તો જ તેઓ લોકોને સજા કરે અથવા જેલમાં એમના પર અમલ ચલાવે એ વાજબી ગણાય ને તેમ કરવાનો અધિકાર તેમને મળે. આ સૂચના ઉત્તમ છે.' જો કે પછી તેઓ એમ પણ કહે છે કે આ સૂચનાને અમલમાં મુકવી મુશ્કેલ છે. પરંતુ મૂળે બાબત વ્યવસ્થામાં ન્યાયનું પલ્લું ભારે રહે તે માટે જે વિમર્શ સતત સમાજમાં ચાલવો જોઈએ તેવી એક બાબતનો ઉલ્લેખ અહીંયા નેહરુ કરે છે.

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે




ઘણા કિસ્સામાં નેહરુ પોતાની જાતને મૂકીને પણ કાયદા-ઘટનાઓનું મૂલ્યાંકન કરે છે. તેઓ આ પ્રકરણમાં લખે છે : 'એક કાળે મોતની સજા સામે મારો સખત વિરોધ હતો, અને સિદ્ધાંતમાં તો, મારો એ વિરોધ હજુ કાયમ છે પણ હું હવે સમજતો થયો છું કે મોત કરતાં ઘણી વધારે ભૂંડી એવી બીજી ઘણી વસ્તુઓ છે અને જો પસંદગી કરવાપણું હોય ને મને પસંદગીની તક અપાય, તો હું જન્મટીપ કરતાં મોતની સજા સ્વીકારવાનું કદાચ વધારે પસંદ કરું પણ મને ફાંસીએ લટકાવાનું ન ગમે, હું તો પસંદ એ કરું કે મને ગોળીએ વીંધે, કે ફ્રાન્સમાં વપરાતી તેવી 'ગીલોટીન'માં મારું માથું મૂકી તેના છરા વડે મારો શિરચ્છેદ થાય અથવા જોઈએ તો ભલે મને વીજળીની ખુરશીમાં બેસાડીને બટન દબાવવામાં આવે.'

આ પુસ્તકમાં આવી ઘણી બાબતો દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ ચર્ચી છે. આ પુસ્તક અનાયસે 'રેખ્તા ગુજરાતી' પર મળ્યું અને નેહરુની પુણ્યતિથિ 27મેના રોજ જતી રહી, તેમ છતાં આ પુસ્તકની વાત આજે પણ પ્રસ્તુત લાગી. જવાહરલાલ નેહરુએ પણ જીવન દરમિયાન જે કંઈ લખ્યું છે અને વક્તવ્યો આપ્યાં છે તેના સો ગ્રંથો થયા છે. આ ગ્રંથો તમને 'https:nehruarchive.in' પર વાંચવા મળશે. હજુ આમાંથી જૂજ જ લખાણો ગુજરાતીમાં આવ્યાં છે.

**તેઓ લખે છે : એક કાળે મોતની સજા સામે મારો સખત વિરોધ હતો અને સિદ્ધાંતમાં તો, મારો એ વિરોધ હજુ કાયમ છે કે મોત કરતાં ઘણી વધારે ભૂંડી એવી બીજી ઘણી વસ્તુઓ છે અને જો પસંદગી કરવાપણું હોય ને મને પસંદગીની તક અપાય, તો હું જન્મટીપ કરતાં મોતની સજા સ્વીકારવાનું કદાચ વધારે પસંદ કરું પણ મને ફાંસીએ લટકાવાનું ન ગમે**



# ખામોશી પણ એક રાજનીતિ છે

**છેલવાણી**

**મહાન ચાણક્ય નીતિ, કાલની ને આજની: સુવિચારોથી સત્તા સુધી**

ઓશો રજનીશે જુવાનીમાં જબલપુરના 'જય હિન્દ' છાપામાં પત્રકાર તરીકે જોડાયેલા. પછી એકવાર 'જયહિન્દ'ના તંત્રી શર્માજીએ રજનીશને અલગ અલગ વિષયો પર સુવિચારો ભેગાં કરવાનું કહ્યું. રજનીશે તરત યુદ્ધ, હિંસા, સેક્સ, ધર્મ વગેરે પર ચોંકાવનારા સુવિચારો લખી નાખ્યા પણ સુવિચારો નીચે કોઇ વિચારકોના નામ નહોતાં લખ્યાં. તંત્રીએ રજનીશને સુવિચારો નીચે વિચારકોના નામ લખવાં કહ્યું. તો રજનીશે બધા સુવિચારો નીચે 'શ્રી રજનીશ' એમ લખી નાખ્યું કારણકે એ વિચારો રજનીશે જાતે જ ઘડી કાઢેલાં!

આ જોઇને તંત્રીએ કહ્યું, "જો આ સુવિચારો તારા હોય તો અદ્ભૂત છે પણ આપણાં છાપામાં જાણીતાં વિચારકોનાં જ સુવિચારો જોઈએ."ત્યારે તંત્રી, શર્માજીને શું ખબર કે રજનીશ, પોતાનાં જલદ વિચારોથી આગળ જઇને ધૂમ મચાવી દેશે! પણ રજનીશે, ત્યારે જે કરેલું બરોબર એ જ રીતે આજકાલ 'ચાણક્ય'ના નામે જાત જાતના મનઘડંત સુવાક્યો લેખો, પ્રવચનો કે એસ.એમ.એસ. દ્વારા માર્કેટમાં ફરે રાખે છે.

આપણે ત્યાં ચૂંટણી પહેલાં અને પછી જાતજાતની 'ચાણક્ય નીતિ'ઓ અપનાવાતી હોય છે. દેશમાં દરેક પાર્ટીમાં એક ચાણક્ય છે. અનેક 'ચાણક્ય' એકસાથે આ ભૂમિ પર ભમી રહ્યા છે. કોઈકને દિલ્લીના 'ચાલાક ચાણક્ય' કહેવાય છે. કોઈકને મહારાષ્ટ્રના 'મીંઢા ચાણક્ય' કહેવાય છે. કોઈકને બિહારનાં 'ચાલુ ચાણક્ય' કહેવાય છે. કોઈક પોતાને બંગાળની 'વાઘણ ચાણક્ય' ગણાવે છે! ઈનશોર્ટ, જે કોઇ પણ સરકાર બનાવી, ટકાવી કે તોડી શકે એ સૌને ચાણક્ય કહેવાની ફેશન ચાલે છે. (અસલી ચાણક્યજી, સ્વર્ગમાં લાંબી ચોટલી ખેંચીને વિચારતા હશે કે હું સાવ આવો હતો?)

મિજાજ મસ્તી
સંજય છેલ

1980ના દાયકામાં મહાન અભિનેતા એકવાર દિલીપકુમારે કહેલું, "ગુજરાતનાં અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદી કહે છે કે તેઓ 'ગુજરાતના દિલીપકુમાર' છે. બંગાળના અભિનેતા 'ઉત્તમકુમાર' કહે છે કે તેઓ 'બંગાળના દિલીપકુમાર' છે! દક્ષિણમાં કમલ હાસન કહે છે,'હું સાઉથનો દિલીપકુમાર' છું. જો એ બધાં જ દિલીપ કુમાર હોય તો પછી હું ક્યાંનો 'દિલીપ કુમાર' છું?" એ જ રીતે આજે અસલી ચાણક્યજી આવે તો વિચારે કે તેઓ ક્યાંના ચાણક્ય છે?

**ઇન્ટરવલ:**

**હમ બોલેગા તો બોલોગે કિ બોલતા હૈ! (કસોટી-ફિલ્મ)**

90ના દાયકામાં બોલીવુડમાં એક સાથે 4-5 ફિલ્મો શહીદ ભગતસિંઘ પર બની રહી હતી. ત્યારે એક એક્ટિંગ સ્કૂલે જાહેરાત આપેલી: "તમારું બાળક મોટું થઈને ભગત સિંઘનો રોલ કરી શકે એવી ટ્રેનિંગ અમે આપીશું!" (આ માત્ર જોક હતો, ઉત્સાહી મા-બાપોએ એક્ટિંગ સ્કૂલ વિશે પૂછપરછ કરવી નહીં.)

જો કે હવે ખરેખર દેશમાં 'ભાવિ ચાણક્ય' બનાવવાની ટ્રેનિંગ સ્કૂલો કે કોલેજો ખૂલવી જ રહી. મને તો લાગે છે કે હવે સ્કૂલોમાં 'તમે મોટા થઈને શું બનશો?' એ વિષય પર નિબંધ લખવાનું કહેવાનું આવશે ત્યારે બાળકો ડૉક્ટર, એંજિનિયર કે ક્રિકેટર બનવાનું સપનું નહીં જુએ પણ 'ચાણક્ય' બનવા વિશે નિબંધ લખશે.

જેમ કે-

'જો હું ચાણક્ય હોઉં તો?'

"મોટો થઈને હું ચાલાક-ચતુર 'ચાણક્ય' બનીશને રાજકારણમાં જઇશ. પછી બીજી પાર્ટીના નેતાઓને હરાવીશ કે ડરાવીશ અને એ બંને નહીં થઇ શકે તો ખરીદી લઇશ. મૂળ ચાણક્યજીએ નીતિશાસ્ત્રમાં કહેલું: 'બળ કરતાં બુદ્ધિ મહાન છે.' પણ હું બુદ્ધિને બળ બેઉનો ઉપયોગ કરીશ, સમજ્યાં? બીજી પાર્ટીના ભ્રષ્ટ નેતાઓને મારી પાર્ટીમાં ખેંચીને તરત જ 'શુદ્ધ'જાહેર કરી દઈશ.

અસલી ચાણક્યજીએ તો 'યુદ્ધ કેમ લડવું?' કે 'દેશ કેમ ચલાવવો?' એ બધાં પર સારા સારા સુવિચારો આપેલા પણ મારી પાસે એક પછી એક ઈલેક્શનને લીધે ડાહ્યા ડાહ્યા સુવિચારો લખવાનો સમય જ નથી માટે હું એવું રાજકારણ રમીશ કે લોકો જ એમાંથી મતલબ તારવીને નીતનવા સુવિચારો બનાવી લેશે!

**ખરા ચાણક્યજીએ કહ્યું હતું, તમે જે કામ કરો એ પહેલાં તમારે આ ત્રણ સવાલ પોતાની જાતને પૂછવાના. હું આ કામ કેમ કરી રહ્યો છું? આનું પરિણામ શું આવશે? આ કામ કરવાથી મને ફાયદો થશે કે લાભ?**

મહાન ચાણક્યજીએ પ્રતિજ્ઞા લીધેલી કે "જીત નહીં મેળવું ત્યાં સુધી વાળ નહીં કાપું ને ચોટી નહીં બાંધું." પણ હું તો વિરોધીઓને જ કાપી નાખીશ. ('કાપી નાખીશ' એટલે કે વિરોધીઓની કારકિર્દી ખતમ કરીશ એમ.)

ખરા ચાણક્યજીએ કહ્યું હતું, "તમે જે કામ કરો એ પહેલા તમારે આ ત્રણ સવાલ પોતાની જાતને પૂછવાના. હું આ કામ કેમ કરી રહ્યો છું? આનું પરિણામ શું આવશે? આ કામ કરવાથી મને ફાયદો થશે કે લાભ?" મારો જવાબ હશે,"હું મારા ફાયદા માટે ચૂંટણી લડીશ. પરિણામ જે આવે તે પણ મને ખબર છે કે જીત કે હાર બંનેમાં મને તો ફાયદો જ થશે."

ઓરિજીનલ ચાણક્યજીએ કહેલું: "દેવતાઓ પણ પોતાનો મોક્ષ શોધે છે તો માણસ શું ચીજ છે?" એટલે એમને અનુસરીને હું મારા વિરોધીઓનો સદા માટે 'મોક્ષ' કરી નાખીશ એટલે કે કાયમની છુટ્ટી કારણ કે આજકાલ એકવાર કોઇ ચાણક્ય બને પછી પોલીસ, કોર્ટ, મીડિયાથી એને કાયમની મુક્તિ મળી જાય છે. આજકાલના 'ચાણક્યો' ગમે તેવું કામ કરે પણ હવે તો એમના અનુયાયીઓ 'વાહ-વાહ' કહીને તાળીઓ પાડે છે, એટલે હું ગમે તેવા દાવપેચ રમીશ તો પણ જો મને માન-સન્માન, પૈસો-પાવર જ મળવાના હોય તો મોટા થઈને ડૉક્ટર કે વૈજ્ઞાનિક બનવાની મહેનત શા માટે કરું? જો કે આવી વિચિત્ર કેરિયર અપનાવવા માટે મારા મા-બાપ માનશે નહીં પણ એમને મનાવવા માટે મારી કોઇ નવી જ ચાણક્યનીતિ અજમાવીને પટાવી લઇશ!"

(તા.ક.- આદરણિય શિક્ષકજી, આ નિબંધને કોઇ વ્યક્તિ કે ઈવન 'એક્ચ્યુઅલચાણક્યજી'સાથેપણકોઇજલેવાદેવાનથી.)

**એન્ડ ટાઇટલ્સ:**

**આદમ: આજના ન્યૂઝ શું છે?**

**ઈવ: ગયા વરસે ચૂંટણી વખતે હતા એ જ.**



# વૈભવ સૂર્યવંશી : પાવર હિટીંગ વડે દિગ્ગજ બોલરોને પણ લાચાર કરતો 15 વર્ષનો 'વન્ડર કિડ'

બુધવારે જ્યારે એલિમિનેટરમાં વૈભવ સૂર્યવંશી સનરાઈઝર્સ હૈદરાબાદના બોલરો પર છગ્ગા ફટકારી રહ્યો હતો, ત્યારે દિગ્ગજ સુનીલ ગાવસ્કર ટીવી કોમેન્ટ્રી માઈક પર હતા. કોમેન્ટ્રીમાં હંમેશા શબ્દોની માયાજાળ રચીને અવનવા શબ્દોનું ઉચ્ચારણ કરતાં ગાવસ્કર પાસે પણ વિશેષણો ખૂટી ગયા, અને દરેક શોટનો જવાબ એક જ શબ્દ 'અવિશ્વસનીય'થી આપતા હતા. વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ ફાસ્ટ બોલર ઈયાન બિશપે પણ આ સુપર-વન્ડરની પાવર-હિટિંગની પ્રશંસા કરી હતી, પરંતુ તે પણ આ 15 વર્ષના અજાયબી છોકરાની આશ્ચર્યજનક બેટિંગનું વર્ણન કરવા માટે ઘણા શબ્દો વિચારી શક્યો ન હતો.

આજે, ક્રિકેટ જગતમાં એવું કોઈ નથી જે બિહારના તાજપુરના આ માસૂમ ચહેરાવાળા બેટિંગ તોફાનનો ચાહક ન બન્યો હોય. આ વૈભવની કારકિર્દીનો ઉદય છે, અને જેમ જેમ દિવસો વિતતા જશે, આ સૂર્યવંશીની તેજસ્વીતા વધશે. વિશ્વભરના બોલરો ચોક્કસપણે તેની બેટિંગની ગરમીથી સળગી જશે, પરંતુ ક્રિકેટ પ્રેમીઓ નિ:શંકપણે તેનો આનંદ માણશે.

ખેલખેલમેં

તાજેતરમાં, વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ખેલાડી ઈયાન બિશપ સાથેની એક અનૌપચારિક વાતચીતમાં, જ્યારે તેને પુછાયું કે જો તે આજે બોલિંગ કરતો હોત, તો વૈભવની વિકેટ મેળવવા માટે તેણે કયો બોલ ફેંક્યો હોત? બિશપે હસીને માથું હલાવીન જવાબ આપ્યો કે, 'આપણે શું કરી શક્યા હોત! આજના યુગના બધા મહાન બોલરોએ બુલેટ સ્પીડથી યોર્કર ફેંક્યા, બાઉન્સર અજમાવ્યા, ફુલ લેન્થ બોલ ફેંક્યા, પરંતુ દરેક બોલનું પરિણામ 'સિક્સ' હતું. મને સમજાતું નથી કે 15 વર્ષનો છોકરો આટલી નિર્ભયતાથી અને કોઈપણ ખચકાટ વિના કેવી રીતે બેટિંગ કરી શકે છે. હું 58 વર્ષનો છું, પરંતુ મેં મારા જીવનમાં ક્યારેય 15 વર્ષના છોકરાને આ રીતે વર્ચસ્વ જમાવતો જોયો નથી.' ફક્ત બિશપ જ નહીં, આ યુગના શ્રેષ્ઠ ઝડપી બોલરોમાંના એક પેટ કમિન્સ પણ માને છે કે, 'વૈભવ પાસે ભૂલ માટે શૂન્ય માર્જિન છે. જો તમે યોર્કર ચૂકી જાઓ છો, તો વૈભવ તમને તમારી ભુલ સમજવાની તક પણ નહી આપે ' બુધવારની મેચમાં, વૈભવે કમિન્સની બોલ પર સતત ત્રણ છગ્ગા ફટકારીને આ સાબિત કર્યું.

આ દરમિયાન, સનરાઈઝર્સના સહાયક કોચ જેમ્સ ફ્રેન્કલિન લગભગ શરણાગતિ સ્વીકારી લીધી. તેણે કહ્યું, 'મને ખબર નથી કે વૈભવને ક્યાં બોલિંગ કરવી. મેં ક્યારેય આવી અસાધારણ પ્રતિભા જોઈ નથી.

તેની કારકિર્દીમાં હજુ 25 વર્ષ બાકી છે; તે ફક્ત વધુ ખતરનાક બનશે.' ક્રિકેટના ભગવાન તરીકે જાણીતા સચિન તેંડુલકરે વૈભવની બેટિંગનું વિશ્લેષણ કર્યું છે. ભારત રત્ન સચિને વૈભવની પ્રશંસા કરી છે અને સમજાવવાનો પ્રયાસ કર્યો છે કે તે બોલરો પર આટલી અસરકારક રીતે કેવી રીતે પ્રભુત્વ મેળવી શકે છે. સચિનના મતે, વૈભવ સૂર્યવંશીનો બેટ સ્વિંગ ઉત્તમ છે. તેનાથી પણ વધુ નોંધપાત્ર વાત એ છે કે તે તેના આગળના પગનો સુંદર રીતે ઉપયોગ કરે છે, જેનાથી બોલ તેના પગ પર પડે તે માટે જગ્યા બને છે. આનાથી તે ઈચ્છિત શોટ રમી શકે છે.

આ IPL સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ ત્રણ વખત ટકરાયા હતા. પહેલા જ બોલ પર છગ્ગો મારીને વિશ્વના ઘણા શ્રેષ્ઠ બોલરોનું સ્વાગત કરનાર વૈભવને પહેલી જ મેચમાં સનરાઈઝર્સના પ્રફુલ હિન્ગેએ શૂન્ય રન પર આઉટ કર્યો હતો. જોકે, આગામી બે મેચમાં વૈભવે હિન્ગેને સ્વસ્થ થવાની તક આપી ન હતી. જ્યારે બંને ફરી 12 દિવસ પછી એકબીજા સામે આવ્યા, ત્યારે વૈભવે સતત ચાર છગ્ગા મારીને તેનું સ્વાગત કર્યું. આ પછી, એલિમિનેટર મેચમાં પણ, હિનગે અને સનરાઈઝર્સના બધા બોલરોએ આ સૂર્યવંશીની હિટીંગનો અનુભવ કર્યો.

**15 વર્ષિય વૈભવ સૂર્યવંશી જે રીતે પાવર હિટીંગ સાથે બેટિંગ કરી રહ્યો છે અને તેની પ્રશંસા કરવા માટે દિગ્ગજ ખેલાડીઓને શબ્દો નથી મળી રહ્યા અને માજી કે હાલના દરેક દિગ્ગજ બોલર વૈભવ સામે કેવી બોલિંગ કરવી તે નક્કી નથી કરી શકતા ત્યારે એવું કહી શકાય કે આ વંડર કિડની પાસે જે શક્તિ છે તે જળવાઇ રહે અને તે ઇન્ટરનેશનલ લેવલે પણ આવી જ ધાક જમાવે**

આ સિઝનમાં જસપ્રીત બુમરાહ, મિચેલ સ્ટાર્ક અને પેટ કમિન્સ જેવા ખેલાડીઓને તોડી પાડનાર વૈભવના આ નિર્ભય અભિગમનું તેના રાજસ્થાન રોયલ્સ ટીમના સાથી ધ્રુવ જુરેલે સુંદર રીતે વર્ણન કર્યું છે, તે કહે છે કે વૈભવની સૌથી મોટી ગુણવત્તા એ છે કે તે મેચમાં વધુ આયોજન સાથે આવતો નથી.

તે નેટમાં એટલી સખત મહેનત કરે છે કે તેને પોતાની ક્ષમતા પર સહેજ પણ શંકા નથી. જ્યારે આપણે એકેડેમીમાં ક્રિકેટ શીખવાનું શરૂ કરીએ છીએ, ત્યારે કોચ હંમેશા કહે છે, બોલરનું નામ ન જુઓ, ફક્ત બોલ જુઓ. પરંતુ સામાન્ય રીતે, નાની ઉંમરે, ખેલાડીઓ તેમની સામે ઉભેલા બોલરની શક્તિથી દબાણમાં આવી જાય છે. વૈભવ સાથે આવું નથી.

તે શાબ્દિક રીતે ફક્ત બોલ તરફ જુએ છે; તેને કોઈ પરવા નથી કે બોલર કોણ છે. વૈભવ માટે લોકો પાસે શબ્દો ખુટી પડે અને તેની પાવર હિટીંગ સામે દિગ્ગજ બોલરો પણ કંઇ કરી નથી શકતા ત્યારે એમ થાય છે કે આ 15 વર્ષનો 'વન્ડર કિડ' જ્યારે સીનિયર ટીમમાં આવશે ત્યારે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં તેની આવી જ ધાક રહેશે કે પછી તેના પર નિયંત્રણ આવશે.